### ધાનેરામાં અગ્રવાલ ત્રણ રસ્તા પાસે આવેલ

# કષ્ટભંજન શ્રી હનુમાનજી મંદિર ખાતે હવન યજ્ઞ કાર્યક્રમ તેમજ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ...



ધાનેરા તા.૧૦

હનુમાન જન્મોત્સવ હનુમાન મંદિરે હવન યજ્ઞ કાર્યક્રમ યોજાયો તેમજ હનુમાન જી ની પ્રાણ પ્રતિષ્ઠા કાર્યક્મ યોજાયો હતો.આ અંગે વધુ વિગતો આપતાં અમારા ધાનેરાના સંવાદદાતા ભરત બી. પરમાર નો અહેવાલ વધુમાં જણાવે છે કે,ધાનેરા માં આવેલ અગ્રવાલ ત્રણ રસ્તા પાસે આવેલ કષ્ટભંજન હનુમાન મંદિર ને આજે ફૂલો થી શણગારવામાં આવ્યું હતું. અને હનુમાન જન્મોત્સવ નિમિત્તે હવન યજ્ઞ કાર્યક્રમ પણ યોજાયો હતો.

તેમજ હનુમાનજી ની પ્રાણ પ્રતિષ્ઠા પણ કરવામાં આવી હતી .આજના અને આ કાર્યક્રમ માં હનુમાન મંદિર પર મોટી સંખ્યા માં લોકોએ દર્શન કર્યા હતા. અને હનુમાનજી ને અલગ અલગ પ્રકાર ની પ્રસાદ ચડાવવા માં આવી હતી .

તેમજ ભજન અને હવન નો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો .અને મહા પ્રસાદ નું પણ આયોજન કરવામાં આવ્યું હતું .

આજે શાસ્ત્રી દ્વારા શાસ્ત્ર મુજબ મંત્ર ચાર કરી હવન યજ્ઞ કરવામાં આવ્યો હતો.આજે કષ્ટ ભંજન હનુમાનજી ના મંદિરે મોટી સંખ્યા માં લોકો એ દર્શન કરી ધન્યતા અનુભવી હતી.

## LCBએ રાજસ્થાની બુટલેગરને શામળાજી આશ્રમ ચાર રસ્તા નજીક બિંદાસ્ત ટહેલતો દબોચી લીધો, ત્રણ વર્ષથી ફરાર હતો

મોડાસા, તા. ૧૦

અરવલ્લી જીલ્લા એલસીબી પોલીસે વધુ એક નાસતા-ફરતા રાજસ્થાનના બુટલેગરને શામળાજી આશ્રમ ચાર રસ્તા નજીકથી ઝડપી પાડી જેલના સળિયા પાછળ ધકેલી દીધો હતો શામળાજી પોલીસ સ્ટેશનમાં પ્રોહિબિશનના ગુન્હામાં છેલ્લા ત્રણ વર્ષથી વોન્ટેડ હતો શામળાજી પોલીસ સ્ટેશન વિસ્તારમાં બિન્દાસ્ત ફરતા બુટલેગરને એલસીબી પોલીસે ઝડપી લેતા શામળાજી પોલીસતંત્રની કામગીરી સામે અનેક સવાલ પેદા થયા છે




અરવલ્લી જીલ્લા એલસીબી પીઆઈ કે.ડી.ગોહિલ અને તેમની ટીમે શામળાજી પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલિંગ હાથધરાત શામળાજી પોલીસ સ્ટેશનમાં પ્રોહિબિશનના ગુન્હાનો આરોપી વિનોદ દેવા ડામોર (રહે,બાબરી, ખેરવાડા-રાજ) આશ્રમ ચાર રસ્તા નજીક ઉભો હોવાની બાતમી મળતા તાબડતોડ આશ્રમ ચાર રસ્તા પર પહોંચી બુટલેગર વિનોદ ને કોર્ડન કરી ત્રાટકતા બુટલેગરના મોતિયા મરી ગયા હતા એલસીબી પોલીસે વિનોદ ડામોરને જેલના સળિયા પાછળ ધકેલી દઈ કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી.

### બી ટી ફાઉન્ડેશન સંચાલિત ગરીબ નવાઝ સારવાર કેન્દ્ર - મોડાસા ખાતે

# આયુર્વેદિક અને હોમિયોપેથીક નિદાન સારવાર કેમ્પનું આયોજન



બાયડ તા.૧૦

વિશ્વ હોમીયોપેથીક દિવસ ની ઉજવણી ના ભાગરૂપે નિયામક શ્રી આયુષ અને જિલ્લા આયુર્વેદ અધિકારી શ્રી ના માર્ગદર્શન હેઠળ આર્યુવેદીક અને હોમિયોપેથીક તમામ પ્રકારના રોગો નું નિદાન અને નિઃશુલ્ક દવા આપવામાં આવશે જેમાં ડૉ. ચંદ્રપાલ સિંહ ચૌહાણ મ.ઉૅ.સ.જી ( હોમિયોપેથીક, ડૉ.બિપીનભાઈ ખરાડી મ.છ.સ.જી, સ.ઢ (આર્યુવેદીક), જયેન્દ્રભાઈ મકવાણા ઉપસ્થિત રહ્યા હતા. આયુર્વેદિક અને હોમિયોપેથીક નિદાન સારવાર કેમ્પ નું આયોજનની શરૂઆત કરતા પહેલા ડોક્ટરશ્રી તથા તેમના સાથે આવેલ મહેમાનશ્રીનું પણ સન્માન કરવામાં આવ્યું હતું.

બી ટી ફાઉન્ડેશન મોડાસા ના મેનેજીંગ ટ્રસ્ટી - બાબુભાઈ ટાઢા જેવોના દાનથી મરિયમબેન બાબુભાઈ ટાઢા ગરીબ નવાઝ સારવાર કેન્દ્ર ચલાવવામાં આવી રહ્યું છે અને ગરીબ નવાઝ સારવાર કેન્દ્રની સંપૂર્ણ જવાબદારી - સલીમભાઈ પટેલ (એસેન્ટ) સુપ્રિટેન્ડેન્ટની છે. થોડા જ સમય માં આયુર્વેદિક અને હોમિયોપેથીક તમામ પ્રકારના રોગો નું નિદાન અને નિઃશુલ્ક દવા ના કેમ્પ નો પ્રચાર સફરતાપૂર્વક કરવામાં આવ્યો. અને તે પ્રચાર બદલ સારવાર કેમ્પમાં ૭૦ થી વધુ દર્દીઓએ નિદાન અને નિઃશુલ્ક દવાઓ આપવામાં આવી હતી. તેમજ છજિ ઉૈઙ્ઘૈ અને ઉકાળો પણ વિતરણ કરવામાં આવેલ જેનો લાભ બહોળી સંખ્યામાં લોકો એ લાભ લીધો. ગરીબ નવાઝ સારવાર કેન્દ્ર ના સભ્યો સિરાજભાઈ સુથાર, જુંબેદાબેન મોડાસીયા તેમજ ડૉક્ટર એમ. જે. ઝાઝ મ.ઉૅ.સ.જી, ફેસલ સુથાર, નો પૂરતો સાથ અને સહકાર પ્રાપ્ત થયો અને કેમ્પ ને સફળ બનાવ્યો હતો.

### તા.૫ જૂનથી નવા શૈક્ષણિક સત્રનો પ્રારંભ થશે

# જિલ્લાની ૨૩૬૪ પ્રા.શાળાઓનું તા.૧ મે થી ૩૫ દિવસનું ઉનાળુ વેકેશન : ધો.૩થી ૮ના વિદ્યાર્થીઓને તા.૨૯ એપ્રિલે પરિણામ આપવા આદેશ



બાયડ તા.૧૦

સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાની ૨૩૬૪ પ્રા.શાળાઓમાં ધો.૩ થી ૫ની વાર્ષિક પરીક્ષા ચાલી રહી છે અને આગામી બુધવારથી ધો.૬ થી ૮ ની વાર્ષિક પરીક્ષા શરુ થવાની છે. સવારની શાળાઓ અને માવઠાની સીઝનના કારણે એપ્રિલ મહિનામાં પણ જિલ્લામાં મોટાભાગે હિલ સ્ટેશન જેવું વાતાવરણ હોવાથી પરીક્ષા આપતા બાળકોને ગરમી પરેશાન કરતી નથી. ત્યારે શિક્ષણ વિભાગ દ્વારા ધો.૩ થી ૮ ના વિદ્યાર્થીઓને તા.૨૯ એપ્રિલે અચૂક પરિણામ આપવા આદેશ આપવામાં આવ્યા છે. તા.૫ જૂન-૨૦૨૩થી નવા શૈક્ષણિક સત્રનો પ્રારંભ થશે. ૧ મે. થી ૩૫ દિવસનું ઉનાળુ વેકેશન જાહેર થયું છે. બાળકો ચંચળ હોય છે અને તેમને અભ્યાસમાં ગમે તેટલો ઉત્સાહ હોય કે ન હોય ક્યારે રજા કે ઉનાળુ અને દિવાળી વેકેશન પડે તેની રાહ જોઈને બેઠા હોય છે. આ વર્ષે એકંદરે કોરોનાની સ્થિતિ કાબુમાં હોવાથી ઉનાળા દરમ્યાન અનેક વાલીઓ સહપરિવાર પર્યટક સ્થળોએ ફરવા જવાના છે. ટ્રાવેલીંગ એજન્ટોના ત્યાં પ્રવાસના આયોજન માટે આવતા મુલાકાતીઓની ભીડ જોવા મળી રહી છે. આ બધા વચ્ચે પ્રાથમિક શાળાઓમાં ધો.૩ થી ૫ ની અત્યારે વાર્ષિક કસોટી અને ત્યારબાદ ધો. ૬ થી ૮ ની વાર્ષિક કસોટી યોજાવવાની છે. જેથી ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષણ નિયામક દ્વારા પરીક્ષા પૂરી થયા પછી સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાના ૧૪ તાલુકાની ૨૩૬૪ સરકારી પ્રા.શાળાના મુખ્ય શિક્ષકો અને ઉ.શિક્ષકોને તાકીદ કરાઈ છે કે તા.૨૯ એપ્રિલે દરેક બાળકને પરિણામ આપી દેવું અને તા.૧ મે. થી ૪ જૂન સુધીનું ઉનાળુ વેકેશન જાહેર કરી દેવાયું છે. સરકારી શાળાઓમાં ખાસ કરીને ઉચ્ચત્તર પ્રાથમિક વિભાગના અનેક શિક્ષકોને સરકાર દ્વારા જ્ઞાનસેતુ-ડે સહિતની સ્કુલોમાં પ્રવેશ માટે જે દબાણ કરવામાં આવી રહ્યું છે અને વાલીઓ પણ અંધારામાં રહ્યા છે તેના કારણે ધો.૬ થી ૮ની શાળાઓમાં બાળકો ઘટતાં શિક્ષકો માટે ઓવર સેટઅપનો પ્રશ્ન સર્જાશે. રાજ્યમાં જ્ઞાનશક્તિ રેસીડેન્સીયલ સ્કુલ, જ્ઞાનસેતુ-ડે તથા રક્ષાશક્તિ સ્કુલ મુદ્દે સાબરકાંઠા જિલ્લાના કેટલાક પ્રા.શિક્ષકો તેમજ જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘે પણ આ આત્મઘાતી નિર્ણય બાબતે પુન વિચાર કરવા જણાવ્યું છે. વિદ્યાર્થી દીઠ સરકાર રુ ૨૦ હજાર આપવાની છે જેથી ધંધાદારી શિક્ષણ સંસ્થાઓને જ્ઞાનસેતુ-ડે સ્કુલ પ્રોજેક્ટથી અઢળક ધન લાભ થવાનો છે તેવા આરોપ પણ લાગ્યા છે. કેટલાક શિક્ષકોએ તો સરકારના આ નિર્ણય પછી સરકારી શાળાઓમાં માત્ર નબળા વિદ્યાર્થીઓ રહેશે. આ સંજોગોમાં ઉનાળુ વેકેશન દરમ્યાન શાંત ચિત્તે વિચારનારા ગુરુજનો સરકારની નવી યોજનાકીય શાળાઓ બાબતે મોરચો માંડે તેવી પણ સંભાવના વ્યક્ત થઈ છે.

# ધડી ખાતે તળાવમાં પાણી ભરવા પાઈપલાઈનનુ ખાતમુહૂર્ત કરવામા આવ્યુ



પ્રાંતિજ તા.૧૦

સાબરકાંઠા જિલ્લા ના પ્રાંતિજ તાલુકાના ધડી ખાતે તળાવ મા પાણી ભરવા પાઈપલાઈન નુ ખાતમુહૂર્ત કરવામા આવ્યુ. પ્રાંતિજના ધડી ખાતે આવેલ લેબોડા તળાવ ને સિંચાઈ માટે નર્મદા મૈયાનુ પાણી મળી રહે તે માટે રૂપિયા-૬૫ લાખ ના ખર્ચે તૈયાર થનાર પાઈપલાઈન નુ ખાતમુહૂર્ત પૂર્વ મંત્રી અને પ્રાંતિજ-તલોદ ના ધારાસભ્ય ગજેન્દ્રસિંહ પરમારના હસ્તે ખાતમુહૂર્ત કરવામા આવ્યુ હતુ જેમા ગામના મહિલા સરપંચ મંજુલાબેન સુથાર , જિલ્લા ડેલીકેટ સેજલબેન પટેલ , તાલુકા ડેલીકેટ પ્રદીપસિંહ રાઠોડ, ગામના આગેવાનો સહિત ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા તો તળાવ મા પાણી ભરવાને લઈ ને તથા પાઈપલાઈન ના કામ ને લઈ ને ગામજનોમા ખુશી જોવા મળી હતી.

# કોરોનાની સંભવત લહેરને લઈને અરવલ્લી જિલ્લા આરોગ્ય વિભાગ સતર્કઃ મોડાસા સાર્વજનિક હોસ્પિટલમાં મોકડ્રીલ યોજાઈ

મોડાસા, તા. ૧૦



દેશભરમાં કોરોનાની સંભવિત લહેરને લઈને સરકાર સતર્ક બની છે, ઉચ્ચ કક્ષાએ બેઠકોનો દોર શરૂ થયો છે ત્યારે ગુજરાત સરકાર પણ પૂરતી તકેદારી રાખી રહી છે. રાજયના અલગ અલગ જિલ્લાઓમાં આરોગ્ય વિભાગને સતર્ક રાખવામાં આવ્યું છે, જોકે આ વખતે સારી વાત એ છે કે, કોઈપણ દર્દી હોસ્પિટલાઈઝ કે મૃત્યુ થયું હોય તેવા કેસ સામે આવ્યા નથી, પણ તકેદારીના ભાગરૂપે જિલ્લા વહીવટી તંત્ર અને આરોગ્ય વિભાગે પહેલેથી જ તૈયારીઓ કરી દીધી છે. કોરોનાની સંભવિત લહેરને લઈને અરવલ્લી જિલ્લા આરોગ્ય વિભાગ પણ સાબદૂ થયું છે. મોડાસાની સાર્વજનિક હોસ્પિટલ ખાતે મોકડ્રીલ યોજવામાં આવી હતી, જેમાં કોવિડ નો દર્દીએ આવે તો કેવી રીતે તાત્કાલિક આપવી તે અંગે એક મોકડ્રીલ યોજવામાં આવી હતી. આ મોકડ્રીલ દરમિયાન રોગચાળા અધિકારી તેમજ સાર્વજનિક હોસ્પિટલના તબીબો ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

**અરવલ્લી જિલ્લામાં કોવિડની સ્થિતિ**

અરવલ્લી જિલ્લામાં કોરોનાના કુલ ૪ કેસ એક્ટિવ છે, જેમાં બાયડ – ૧, ભિલોડા – ૨ જ્યારે માલપુરમાં ૧ કેસનો સમાવેશ થાય છે, ચારેય દર્દીઓ હાલ હોમ આઈસોલેટ છે. અરવલ્લી જિલ્લામાં કોરોનાના દર્દીઓ માટે હાલ ૫૯૧ બેડની સુવિધા ઉપલબ્ધ છે.

# ખાખીને સલામ : જુનિયર કલાર્કના પરીક્ષાર્થીઓની મદદે આંબલીયારા પોલીસ

**ઉમેદવારોને પરીક્ષા કેન્દ્ર પર પહોંચવા રીક્ષાની સુવિધા ઉભી કરી :જીલ્લા SP સંજય ખરાતના માર્ગદર્શન હેઠળ જીલ્લા પોલીસતંત્ર પરીક્ષાર્થીઓ માટે મદદ માટે સતત ખડેપગે ઉભું રહ્યું હતું**






મોડાસા, તા. ૧૦

પોલીસમાં માનવતાની લાગણી નથી હોતી એવો આક્ષેપ અવારનવાર કરવામાં આવતો હોય છે ખાખી વરદી પહેરેલા પોલીસની ઈમેજ સામાન્ય રીતે કડક હોય છે. જોકે ખાખી વરદીની પાછળ માનવતાવાળો ચહેરો પણ છુપાયેલો હોય છે એવા અનુભવ અરવલ્લી જીલ્લામાં જુનિયર ક્લાર્કની પરીક્ષા આપવા પહોંચેલા અન્ય જીલ્લાના પરીક્ષાર્થીઓએ અનુભવ્યો હતો.

આંબલીયારા પોલીસે બસ સ્ટેન્ડથી પરીક્ષા કેન્દ્ર સુધી પરીક્ષાર્થીઓ માટે રીક્ષાઓ ઉપલબદ્ધ કરાવી હતી ગરમીમાં પરીક્ષાર્થીઓને રીક્ષાનો સહારો મળતા રાહત અનુભવી હતી પરીક્ષાર્થીઓની મદદે સેવાકીય સંસ્થાઓ પણ ખડેપગે ઉભી રહી હતી. આંબલીયારા પીએસઆઈ એસ.ડી.માળી અને તેમની ટીમે જુનિયર ક્લાર્કની પરીક્ષા આપવા માટે આવેલા ઉમેદવારો માટે બસ સ્ટેન્ડથી પરીક્ષા કેન્દ્ર સુધી પહોંચવામાં તકલીફ ન પડે તે માટે રીક્ષા ચાલકોના સહયોગથી પરીક્ષાર્થીઓને કેન્દ્ર સુધી પહોંચાડવા માટે યોગ્ય વ્યવસ્થા ઉભી કરતા પરીક્ષાર્થીઓ પોલીસતંત્રની કામગીરીની સરાહના કરવાની સાથે રીક્ષા ચાલકોના ઉદારવાદી અભિગમનો આભાર માન્યો હતો.

અરવલ્લી જીલ્લામાં જુનિયર ક્લાર્કની પરીક્ષા આપવા આવનાર પરીક્ષાર્થીઓને કોઈ પણ પ્રકારની અગવડ ઉભી ન થાય તેમજ શાંતિપૂર્ણ માહોલમાં પરીક્ષાર્થીઓ પરીક્ષા આપી શકે તે માટે વહીવટી તંત્ર અને પોલીસતંત્ર દ્વારા વ્યવસ્થા કરવામાં આવી હતી તંત્રની કામગીરીની પરીક્ષાર્થીઓએ સરાહના કરી હતી

# પ્રાંતિજ ખાતે બહુચર્ચિત રોડ ઉપર ફરી ખાડાઓ પડયા : રોડ વચ્ચોવચ ઠેરઠેર ખાડાઓ પડયા ખાડાઓ પડતા વાહન ચાલકો પરેશાન





પ્રાંતિજ તા.૧૦

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ત્રણ રસ્તા થી રેલ્વેસ્ટેશન સુધી આવેલ રોડ ઉપર ફરી ખાડાઓ પડયા ખાડાઓ પડતા વાહન ચાલકો સહિત રોજીદુ અવરજવર કરતા લોકો પરેશાન. પ્રાંતિજ નેશનલ હાઈવેઆઠ ત્રણ રસ્તા થી રેલ્વેસ્ટેશન સુધી બનેલ રોડ અગાઉ પણ તેના કામ ને લઈ ને ચર્ચાઓમા રહ્યો હતો અને આ રોડ ઉપર ફરી અનેક જગ્યાએ ખાડાઓ પડતા રોજીદુ અવરજવર કરતા વાહન ચાલકો સહિત નગરજનો ની પરેશાની વધી છે અને ખાડાઓ પડવાને લઈ ને નાના વાહન ચાલકો ને અકસ્માત નો ભંય સંતાવે છે તો આ રોડ ઉપર અનેક સંસ્થાઓ , શાળા-કોલેજો સહિત સરકારી કચેરીઓ ઓફીસો પણ આવેલ છે તો સ્કુલ કોલેજ સહિત કચેરીઓમા કામ અર્થે આ રોડ ઉપર થી દિવસ દરમ્યાન હજારો ની સંખ્યામા લોકો અવરજવર કરે છે તો આ વિસ્તાર મા અનેક સોસાયટીઓ પણ આવેલ છે અને રોડ ઉપર ઠેરઠેર ખાડાઓ પડવાને લઈ ને રોજીદુ અવરજવર કરતા લોકોને અકસ્માત નો ભંય પણ સંતાવે છે ત્યારે જવાબદાર તંત્ર દ્વારા રોડ ઉપર પડેલ ખાડાઓને લઈ ને ઝડપી કાર્યવાહી હાથધરવામા આવે તેવી લોકમાંગ પણ હાલતો ઉઠવા પામી છે નહી તો હોતાહે ચલતા હે જેવી સ્થિતિ હાલતો પેદા થઈ છે ત્યારે હવે જોવુ એ રહ્યુ કે રોડ ઉપર પડેલ ખાડાઓ પુરવામા આવશે કે હોતા હે ચલતા હે જેવી સ્થિતિ જોવા મળશે એતો હવે જોવુ રહ્યુ.